वन्देमातरम

"સેવાચંદ્ર" નો સંવાદ.

નડીઆદ હિન્દુ અનાથાશ્રમ માટે ખાસ.

રચનાર અને પ્રગટ કરનાર

ચંદુલાલ [illegible] દેસાઈ

તંત્રી—"જન્મભૂમિ" પત્ર.—નડીઆદ.

આવૃત્તિ ૧ લી

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૨ની અખાત્રીજ તા. ૧૪-૫-૧૯૨૬.

કીંમત અર્ધો આનો.

હિન્દુ અનાથાશ્રમ, [illegible] પ્રેસ—નડીઆદ.

ઉપોદ્ઘાત.

આવી નાનકડી નવલિકાને ઉપોદ્ઘાતની આવશ્યકતા હોય નહિ, તેમ છતાં સ્પષ્ટીકરણની ખાતર બે શબ્દો લખવાની ફરજ પડે છે. આ સંવાદની ઘટના કલ્પીત નથી, પરંતુ આબેહુબ બનેલી છે. જેવી રીતે કવિવર કાળીદાસે મહાભારતમાંથી મુળ વસ્તુ લઈ, પોતાની અપૂર્વ કલ્પના અને પ્રતિભાના બળે, શાકુન્તલ નાટકની રચના કરી છે, તેવી રીતે આ સંવાદમાં પણ, મુળ ઇતિહાસને આબાદ રીતે વળગી રહી, મારી શુદ્ર કલ્પના અને નિર્બળ પ્રતિભાના સંમીશ્રણથી, અનાથ રક્ષાની ભાવના વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સંવાદમાંનાં અનેક પાત્રો હજી વિદ્યમાન હોઈ, પોતાનાં નિઃસ્વાર્થ સેવા કાર્યોની મધુરી સુવાસ જગતમાં ફેલાવી રહ્યાં છે. જે નડીઆદની થકોર પ્રજાથી ભાગ્યે અજાણ્યું નથી

"જન્મભૂમિ" ઓફીસ
નડીઆદ તા. ૭-૫-૨૧

અનાથ સેવક,
ચંદુલાલ નંદલાલ દેસાઈ

સેવાચન્દ્રનો સંવાદ.

સ્થળ—આકૃતરનું પાટનગર નટપુર.

સમય—સંવત ૧૯૬૪ નો પ્રાન્તિક દુકાળ.

મુખ્ય પાત્રો.

(૧) સેવાચન્દ્ર—'ગુર્જર' પત્રનો સંપાદક આર્યસમાજનો મંત્રી.

(૨) પ્રફુલચન્દ્ર—'ગુર્જર' પત્રનો તંત્રી. સેવાચન્દ્રનો મીત્ર.

(૩) લક્ષ્મીસાગર—ધનાઢ્ય વેપારી સેવાચન્દ્રના મામાજી

(૪) કૃષ્ણદાસ વકીલ—નટપુરના જાહેર જીવનના આત્મા સ્વરૂપ એક અગ્રગણ્ય નેતા.

(૫) વીરૂશંકરભાઇ—ગંભીર ને ઠરેલ વયોવૃદ્ધ નેતા.

(૬) વ્હાલાભાઇ વકીલ—ક્ષાત્રતેજથી ભરપુર ઉત્સાહી જુવાન વકીલ.

(૭) વનપાળશા—લુલાં લંગડાંના ફંડના ટ્રસ્ટી.

(૮) વૈદ્ય નાગરભાઇ—ઝેરી ઉંદરના સ્પેશીયાલીસ્ટ બ્હેરા વૈદરાજ.

(૯) છોટાસાહેબ—નટપુરના ખાનદાન જાગીરદાર.

वन्दे मातरम्.

પ્રવેશ ૧ લો.

સ્થળ:—સેવાચંદ્રના ઘરના ભાગ.

પાત્રો:—સેવાચંદ્ર, પ્રફુલચંદ્ર.

સેવાચંદ્ર—(આંખો ચોળતો ચોળતો પ્રવેશ કરતાં)

આ ચંદ્રિકા ખીલી ગગન અમૃત કુસુમ વર્ષાવતી,
સરવર, તરૂ, નદી, પર્વતોને તેજથી ન્હવરાવતી,
નિંદ્રા સુકોમળ કરવતી આ વિશ્વને પંપાળતી,
ને ગાઢ મીઠી ઉંઘમાં પશુ પંખીને પોઢાડતી.

પ્રફુલચંદ્ર—(સેવાચંદ્રની પૂઠે ધીમાં ડગ ભરતો પ્રવેશ કરી) (સ્વગત) અહો! આતે કેવો સ્વદેશ પ્રેમ! આમ અડધી રાત્રે ઉંઘમાંથી ચમકીને મ્હારો દેશ! મ્હારો દેશ! કર્યા કરે છે!

સેવા—(આકાશ તરફ દષ્ટિ કરતાં)

રજની વીતી ગઇ અર્ધને ભણુકાર ઉંડા થાય છે,
તમરા તણા તીણા ધ્વની તમતમ કરી સંભળાય છે:
નિંદ્રા વિષે પણ દેહને હે નાથ! શાન્તિ ના મળે.
બહુ દેશના દુઃખ ભારથી અંતર ચરર મ્હારૂં બળે.

પ્રફુલ—મોટા ભાઇ આતે તમને શું ભૂત ભરાયું છે! પથારીમાંથી ઉઠીને ક્યાં નાસવા માંડયું છે?

સેવા— ભાઈ! સ્વપ્નમાં દીઠેલા દ્રશ્યથી મ્હારૂં મગજ ભમી ગયું છે.

પ્રફુલ—ભાઈ! એવું તે તમે સ્વપ્નમાં શું જોયું ?

સેવા—પ્રથમ તો મને દેવી નટપુરેશ્વરીનાં દર્શન થયાં!

પ્રફુલ—વાહ! એ કેવાં હતાં? એમણે અલંકારો કેવા ધારણ કરેલા હતા?

સેવા—ભાઈ! એ ભગવતીની મૂર્તીનું યથાર્થ વર્ણન કરવાની તો મ્હારામાં શક્તી નથી. એમના મસ્તક ઉપર પ્રકાશી રહેલા મણિમય મુકુટથી મ્હારાં નેત્ર અંજાતાં હતાં. કટીમેખલામાંથી કાદમ્બરીનો રસ ટપકતો હતો.

પ્રફુલ—ગુર્જરી મૈયાની પનોતી પુત્રી નટપુરેશ્વરી, સાક્ષર અને સાહિત્ય રસિક નર નારીઓથી ભરેલી છે, પણ એ દેવીએ કાંઇ કહ્યું ?

સેવા—બધું ઘણુંએ કહ્યું! અત્યારે કંઈ બધું યાદ નથી.

પ્રફુલ—જેટલું યાદ હોય એટલું તો કહો?

સેવા—એ દયાની દેવીએ મને પોતાના દેવી કર કમળથી ઢંઢોળ્યો અને પછી પોતાના હાથમાંનું ત્રિશુળ હલાવીને તરેહ તરેહવારનાં દ્રષ્ય મને બતાવ્યાં.

પ્રફુલ—ભાઈ? તમે ભારતી માતાના સાચા ભક્તછો તેથી તમને દેવીનાં પ્રત્યક્ષ દર્શન થયાં, પણ હવે લગભગ મધરાત વીતી ગઇ છે એટલે જરા આરામ લ્યો.

સેવા—આરામ? હવે મને આરામ લેવાનો હક્કજ શો છે?

પ્રફુલ—ત્યારે આ દેહની લગારે દરકાર રાખ્યાવિના નકામા વેડફી મારવાનો પણ તમને શો હક્ક છે?

સેવા—ભાઈ હું હેહને વડકી મારતો નથી પણ હવીએ બતાવેલાં કરૂણાજનક દ્રશ્ય હજી પણ મારી દ્રષ્ટીએ પ્રત્યક્ષ દેખાય છે! આંખે અંધારાં આવી જાય છે?

પ્રફુલ—આમ ઉપરા ઉપરી ઉજાગરા થાય એટલે પછી આંખે અંધારાંજ આવેને!

સેવા—ભાઇ! જોજો! પેલી! (ચમકે છે)

પ્રફુલ—અહીંતો કાંઇ નથી.

સેવા—નથી શું! જરા આંખો ઉઘાડીને જોતા ખરો?

પ્રફુલ—મ્હારી આંખોતો ઉઘાડી છે. પણ મને કાંઈ દેખાતું નથી.

સેવા—પેલી ભીંત પાસે તને કંઇ નથી દેખાતું?

પ્રફુલ—ના.

સેવા—અરે આટલું બધું સ્પષ્ટ દેખાય છે ને!

પ્રફુલ—ભાઇ! એતો તમારી ભ્રમણા છે. અહીંતો હું અને તમે સિવાય બીજું કોઈ નથી.

સેવા—ત્યારે તો હવે તહને મ્હારૂં હ્રદય ચીરીને બતાવું! એટલે સ્પષ્ટ દેખાશે. (હાથમાં છરી લઇને છાતીમાં મારવા જાય છે. ભીંત ફાટીને દ્રશ્ય ખડું થાય છે)

પ્રફુલ—અહો? આતે કેવું આશ્ચર્ય!

સેવા—હવે સ્પષ્ટ દેખાય છે?

પ્રફુલ—હા. એક તુલા બાંધેલી દેખાય છે.

સેવા—પણ એમાં શું તોળાય છે તે જોયું?

પ્રફુલ—હા. એક પલ્લામાં નાણાંની થેલીઓ ને બીજામાં–

સેવા—બીજામાં કન્યા છે.

પ્રફુલ—હેં! શું કન્યા આમ વેચાય છે?

સેવા—હા. જો.

દુષ્ટ પિતા પુત્રી તણા પાપી પેટને કાજ,
બુઢ્ઢાને દઇ બાળકી લોપે કુળની લાજ:
હાડ માંસ પુત્રી તણાં તુલા મહીં તોળાય,
ગરીબ ગાયને દીકરી જ્યાં દોરે ત્યાં જાય.

(દ્રષ્ય દેખાતું બંધ થઈ જાય છે)

પ્રફુલ—હરિ ! હરિ ! હરિ ! શો ગજબ થાય છે.

સેવા—એ કન્યાનો બાપ દીકરીનો સગો નથી પણ દામનો છે.

પ્રફુલ—એ પૈસોજ હરામનો છે.

સેવા—લોહીનો પૈસો આવ્યો એવો ચાલ્યો જશે. અને એને કુતરાને મોતે મરવાનું થશે !

પ્રફુલ—એ સાઠ વર્ષનો બુઢ્ઢો આઠ વર્ષની બાળાને વેચાતી લેતાં પણ શરમાતો નથી ?

સેવા—એ એને બજારની ચીજ ગણે છે !

પ્રફુલ—ભાઇ એ બન્ને બુઢ્ઢાઓ ભલે પોતાનાં પાપે પગ ઘસીને મરે ! પણ એ બિચારી બાળ રાંડનું શું ?

સેવા—તે જો હવે—

(ભીંત ફાટે છે બીજું દ્રશ્ય ખડું થાય છે)

પ્રફુલ—ભાઈ ! આતો કોઈ સ્ત્રી દોરડાનો ગાળો કરતી દેખાય છે.

સેવા—એ સ્ત્રી પેલી બાળ વિધવા !

પ્રફુલ—એ મૂર્ખ બુઢ્ઢાએ બિચારીનો ભવ બગાડયો.

સેવા—બગાડયો તે કેવો ?

બાળ રાંડ બિચારી એ *કુલીન વરની નાર,
ગળે ફાંસે ઘાલી અને મરવા થઈ તૈયાર;

મરતાં બાળા ગર્ભિણી મરશે આંસુ ખાળી,
ધરતી આવાં પાપથી પેસી જાય પાતાળ.

(દ્રશ્ય દેખાતું બંધ થઈ જાય છે)

પ્રફુલ—હરિ ! હરિ ! હરિ ! કેવો દુઃખદ પ્રસંગ !

સેવા—હૃદયની લાગણી દર્શાવવાને શબ્દો જડતા નથી.

પ્રફુલ—ભાઈ ! આનો કંઇ ઉપાય તો અવશ્ય થવો જોઇએ.

સેવા—આપણે એકલા શો ઉપાય કરીએ ?

પ્રફુલ—લોકોને તેમના કર્તવ્યનું ભાન કરાવીએ !

સેવા—તું મને મદદ કરે તો આપણે બન્ને એ કાર્ય માથે લઇએ.

પ્રફુલ—ભાઈ હું તો તમારી સાથેજછું. અને જેમ કહેશો તેમ કરવાને તૈયારછું.

સેવા—ઠીક ત્યારે જો હવે આ ત્રીજું દ્રશ્ય.

(ભીંત ફાટે છે. એક સ્ત્રી પોતાનું બાળક પાદરીને સોંપતી દેખાય છે.

પ્રફુલ—આતો કોઈ સ્ત્રી પોતાનાં બાળકો પાદરીને સોંપતી દેખાયછે.

સેવા—હા.

ટળવળતી કંઇ માવડી રડતી પડતી જાય,
મોંઘેરાં નિજ બાળકો પાદરીને સોંપાય;
ઝુરી ઝુરી મરતી એ પછી વત્સ વિખુટી ગાય,
બાલુડાં આ બાપડાં વિધર્મે વટલાય.

(દ્રશ્ય દેખાતું બંધ થઈ જાય છે)

પ્રફુલ—હરિ ! હરિ ! હરિ ! આ પણ એવુંજ ગંભીર દ્રશ્ય છે.

સેવા—જે આપણે કરવું જોઇએ તે પાદરીઓ કરી રહ્યા છે !

અબ્દુલ—ભાઇ આવાં આવાં કરૂણાજનક દ્રશ્ય જોવામાં રાત્રી વીતી
ગઇ અને પ્રભાત થયું !

સેવા—સૌથી વધારે કરૂણાજનક દ્રશ્ય તો હજી હવે દેખાશે જો.

(ભીત ફાટે છે ને દ્રશ્ય ખડું થાય છે)

અબ્દુલ—આતો કસાઈ ગાયનો વધ કરી ગયો છે!

સેવા—હા, જો.

કસાઇ કર છુરી લઇ જો કેવા મલકાય.
ગરીબ બિચારા ખેડૂતો વેચે બળદ ને ગાય;
સોંઘુ ભારત દેશનું પશુ ધન આમ લુંટાય;
જાગો જાગો ભારત જન ગોહત્યા બહુ થાય!

(દ્રશ્ય દેખાતું બંધ થઈ જાય છે)

અબ્દુલ—હરિ! હરિ! હરિ! આ દ્રશ્ય દેખીને તો આંખે અંધારાં
આવી જાય છે!

સેવા—ભાઈ આ સર્વ કરૂણાજનક દ્રશ્યો તે કોઇ કવીની કલ્પના
નાઓ છે! કે જગતમાં બનતા ખરેખર બનાવો છે?

અબ્દુલ—આવા બનાવો જગતમાં ઠામ ઠામ બને છે પણ લોકો
આંખ આડા કાન કરે છે.

સેવા—આવા પાપી લોકોનાં પાપથી ધરતી માતા ભારે મરે છે!
પ્રભુ! પ્રજાજનોને કર્તવ્યનું ભાન કરાવો!

સેવાચંદ્રનો સંવાદ.

પ્રવેશ ૨ જો.

સ્થળ—લક્ષ્મીસાગરનું દિવાનખાનું

સમય—સંવત (૧૯૬૪) સાંજના

પાત્રો—લક્ષ્મીસાગર, સેવાચંદ્ર વિગેરે.

લક્ષ્મીસાગર—કેમ સેવાચંદ્ર? આજે જમવા કેમ નહોતા આવતા. અમારે તો ભાણેજ અને બ્રાહ્મણ બરોબર તમે જમવા ના આવો તો અમારૂં જમણ કર્યું વળે પણ નહિ.

સેવાચંદ્ર—આપની આજ્ઞા થઇ એટલે જમવા આવ્યા વગર કેમ ચાલે! પણ.........

લક્ષ્મીસાગર—કેમ પણ કહીને અટકી ગયા?

સેવાચંદ્ર—જુઓને વડીલશ્રી? હજી છપ્પનના દુકાળની ધવાતો વળી નથી એટલામાં આ ખાઉખાઉ કરતો બીજો દુષ્કાળ આવ્યો. અત્યારે દેશમાં ચારે બાજુ દુષ્કાળની બુમો પડી રહી છે. લાખો માણસો હાય અન્ન હાય અન્ન કરતાં ભૂખના દુઃખથી મરણ ને શરણ ચાલ્યા જાય છે એવી દશામાં આપણે જમવાનું શું ને મિષ્ટાન્ન શાં? શેઠજી! નંદનવન જેવા આપણા ચારૂત્તર પ્રદેશની પણ અત્યારે દુષ્કાળને લીધે કેવી દયાજનક સ્થિતિ થઈ પડી છે?

ફળદ્રુપ ચારૂત્તર ભુમિ, રસ હીન રાંક જણાય છે,
કૃષિકારના ગૃહ ખેતરો, ઉજ્જડ થઈ ભેલાય છે:

તરૂવર તજે નિજ વર્ણ, વસ્ત્રાભૂષણો કરમાય છે.
ને હાડપીંજર પ્રાણીનાં. ચરણો વિષે ચગદાય છે.

લક્ષ્મીસાગર—અરેરે પ્રભુ! આ દશા?

સેવાચંદ—શેઠજી!

નિર્મળ સરોવર નિત્ય જે. પશુ પંખીઓને પાળતું.
ગિર ધીરને ગંભીર મૃદુ, સ્વરથી ઉદક ઉછાળતું:
તે આજ કેવળ શુષ્ક નિર્જળ, દ્રષ્ટિએ દુઃખ આપતું.
દુષ્કાળના દુઃખથી અરે, રે કાળજુ કંપી જતું.

લક્ષ્મીસાગર—તમે તો આમ કરોછો ને અમે તો તમારે સારૂ ફરી જમવાનું ઠરાવીએ છીએ.

સેવાચંદ—(ચમકીને) હેં શું કંઇ એવો પ્રસંગ છે? શાથી જમવાનું ઠરાવોછો?

લક્ષ્મીસાગર—જુઓને સેવાચંદ! આપણી મુંબાઇ અને કાનપુરની પેઢીઓ ઉપર લગભગ ત્રણ હજાર રૂપીયાની રકમ ધર્માદા ખાતે જમા થઇ ગઇ છે, તે મારો વિચાર એક દિવસ બ્રહ્મભોજન કરાવી વાપરી નાખવાનો છે.

સેવાચંદ—મુરબ્બી! ધર્મઋણમાંથી સત્વર મુક્ત થવાના આપના વિચારો તો અતિ ઉમદા છે, પરંતુ એક દિવસ ચોરાશી કરી, બ્રાહ્મણો પાસે વાહવાહ કહેવડાવી, ત્રણ હજાર જેવડી ટીપે ટીપે એકઠી થયેલી રકમ વેડફી નાખવી એના કરતાં કોઇ વધુ સારો માર્ગ લ્યો તો કેવું સારૂં?

પ્રફુલચંદ—શેઠજી! હાલના બ્રાહ્મણોમાં બ્રાહ્મણત્વ રહ્યુંછેજ ક્યાં? જુઓને

નિજ બ્રહ્મતેજ પ્રભાવથી, જે વિશ્વ આખું આંજતા,
કલમ કડછી બરછી લઈને, બાળ તેનાં રખડતાં:
મહાન્ ઉદધી ગરજતા, આચમન કરી જે પી જતા,
આજે તનુજો તેહનાં, ખાબોચીયામાં ડુબતા.

સેવાચંદ્ર—વડીલ શ્રી ! જરા આગળ જુઓ.

જે બ્રાહ્મણોની હિંદમાં, હિમ પુષ્પથી પુંજા થતી,
તે બ્રાહ્મણોના તેજથી, આ સલ્તનત પણ ડોલતી:
ક્યાં પૂર્વના તે બ્રાહ્મણો? ઋષિ મહર્ષિ ક્યાં ગયા?
ક્યાં હોમશાળાના સ્થળે, આજે કતલખાનાં થયાં.

લક્ષ્મીસાગર—(માથું ખંજોળતાં) તમારૂં કહેવું તો વ્યાજબી છે.

સેવાચંદ્ર—મુરબ્બી મારા જેવા યુવાને આપને શીખામણ દેવી એ ધૃષ્ટતા કહેવાય, પરંતુ માફ કરજો, એક દિવસ બ્રહ્મભોજન કરાવવાથી શું કલ્યાણ થઈ જવાનું હતું ? બ્રાહ્મણો એક દિવસ જમશે તેથી તેમની હંમેશની ભૂખ ભાગવાની નથી, એથી તો આળસુઓને ઉત્તેજન મળે છે.

લક્ષ્મીસાગર—ખરી વાત છે.

સેવાચંદ્ર—મુરબ્બી ગયા છપ્પનના દુષ્કાળમાં તો, આ ખેડા જીલ્લામાં કેટલાય લોકો ભૂખના માર્યા ખ્રિસ્તિ થઇ ગયા, તે વખતે બ્રાહ્મણોએ પોતાના કર્તવ્યનું પાલન કર્યું હોતતો, આજે ચરોતરમાં ઠામઠામ જે ખ્રીસ્તી મીશનો અને ખ્રીસ્તી અનથાલયો જોવામાં આવે છે, તે ભાગ્યેજ હોત.

પ્રફુલચંદ્ર—શેઠજી

છપ્પન કેરી સાલમાં પડ્યો ભયંકર કાળ,
સુકવી વાડી હિંદની, વર્ત્યો હાહાકાર;
ભૂખના દુઃખના ત્રાસથી, કંઈક બન્યા લાચાર,
વેચ્યો વ્હાલા ધર્મને, વેચ્યાં વ્હાલાં બાળ.

આ દશા છપ્પનની સાલમાં આપણા દેશની હતી. આજે તેના ઉપર આ નવા દુષ્કાળનો બીજો ફટકો પડે છે, જો હિંદની પ્રજા જાગ્રત થઇ ખ્રીસ્તિ થઇ જતા મનુષ્યોના રક્ષણ માટે રણ મેદાને નહિ ઉતરે તો આ સાલના દુષ્કાળમાંજ અડધો ખેડા જીલ્લો ખ્રીસ્તિ થઇ ખલાસ થઈ જવાનો.

લક્ષ્મીસાગર—બ્રાહ્મણો સ્થાન વિમૂખ થયા છે એટલે દેશનો સઘળો આધાર તમારા જેવા મુઠ્ઠીભર સંસ્કારી યુવાનો ઉપર રહેલો છે. વારૂ, આપણે તો મોટી મોટી વાતો કરી પણ મારી આ ત્રણ હજાર રૂપૈડીની રકમ તો, દેશમાં પડેલા ભિષણ દુષ્કાળ આગળ કંઇ વિસાતમાં નથી; એટલી ટુંકી રકમમાં આ દુષ્કાળના સમયમાં અનુકુળ કયું દેશ સેવાનું કાર્ય થઈ શકે? તે મને જરા સમજાવો.

સેવાચંદ—એ રકમ ટુંકી નથી, સ્વામિ શ્રદ્ધાનંદજીએ સો સવા રૂપીઆની મહાન કેપીટલ ઉપર હરદ્વાર ગુરૂકુળની શરૂઆત કરી હતી તો પછી ત્રણ હજાર રૂપીયાની રકમ ઓછી નથી, શેઠજી! આવી સુંદર રકમ એક દિવસ બ્રહ્મભોજન કરાવી અકાળે વેડફી ન મારો; આપણા ખેડા જીલ્લામાં આખા મુંબાઇ ઇલાકા કરતાં

ખ્રીસ્તિઓની વસ્તી સર્વથી વધારે છે ને તેથી કરી ખેડા જીલ્લાના પાટનગર નટપૂર જેવા મધ્ય સ્થળે એકાદ "હિન્દુ અનાથ આશ્રમ" સ્થાપવાની અનિવાર્ય અગત્ય છે. છેલ્લો મીશન કેસ કે જે આપણી હાલની વડી ધારા સભાના પ્રમુખ શ્રીયુત વીઠ્ઠલભાઇ પટેલે ચલાવ્યો હતો, એ મીશન કેસથી આ જીલ્લાની પ્રજા જાગ્રત થઇ છે અને તેથી કરી અનાથાશ્રમનું બીજ રોપવા જમીન ખેડાઇને તૈયારથઈ ગઇ છે, માટે એ રકમમાંથી એક હિન્દુ અનાથાશ્રમ સ્થાપો ? મુરબ્બી હું તો આપના આગળ એક બાળકછું ? આપ અમારા વડીલ શીર છત્રછો ? એટલે આપને વધું શું કહું ? આપે મેટ્રીક સુધી અંગ્રેજી કેળવણી લીધી છે, બીજા વેપારીઓ જેવા આપ જડ નથી, પણ સંસ્કારી છો. દેશની દાઝથી આપનું અંતઃકરણ નિરંતર બળ્યા કરે છે, માટેજ આપને આનાથાશ્રમ સ્થાપવા વિનંતિ કરૂછું.

લક્ષ્મીસાગર—સેવાચંદ્ર જો તમે, પ્રફુલચંદ્ર, કૃષ્ણદાસ વકીલ, ધીરૂશંકરભાઇ, વ્હાલાભાઇ વકીલ વિગેરે આપણા નટપુરના આગેવાન કાર્ય કર્તાઓ અનાથાશ્રમ સ્થાપી ચલાવવાનું માથે લો તો, હું જરૂર મારી ત્રણ હજારની રકમ અનાથાશ્રમ સ્થાપવા આપું.

સેવાચંદ્ર—જરૂર ! કાલે સવારે તે સઘળાઓને મળી આપને જણાવીશ.

લક્ષ્મીસાગર—સેવાચંદ્ર ! મારી ચોરાશી કરવાની વાત જ્હાર

ચેરાઈ ગયેલી છે, એટલે ચોરાશી બંધ રખાવા માટે બ્રાહ્મણો તો તમને ગાળોજ દેવાના. તમે આર્યસમાજી છો, એટલે બ્રાહ્મણો તમારા ઉપર કટકટીને રહેલા છે, તેમાં ચોરાશીને બદલે અનાથાશ્રમ કરવાથી, બળતામાં ઘી હોમાવાનું?

સેવાચંદ્ર—શેઠજી તેની મને દરકાર નથી. માન અપમાનની પરવા રાખ્યા શિવાય, પોતાનું સેવા કાર્ય નિડરતા પૂર્વક, ઉત્સાહભેર નિઃસ્વાર્થપણે કર્યાં જવું, એ મારો મુદ્રાલેખ છે. અમે આર્ય સમાજીઓ તો હિંદુ કોમના સૈનિકો છીએ. હિંદુ કોમને મોખરે રહી, અમે આર્ય સમાજીઓ મૉલ્વીઓ અને પાદરીઓના કદર પ્રહારો ઝીલતા આવ્યા છીએ, અને ઝીલીશું. અમારૂં દુર્ભાગ્ય એટલુંજ છે કે, જે હિંદુ કોમને માટે અમે મરી ફીટીએ છીએ, તે હિંદુ કોમ હજી, અમને દુશ્મન જેવા, ગણે છે, પણ ખેર, એ સ્થિતિમાંજ કામ કરવાનું છે.

પ્રફુલચંદ્ર—સેવાચંદ્ર? આતો ગઇ કાલનું સ્વપ્ન ફળ્યું?

સેવાચંદ }
પ્રફુલચંદ્ર } —આ નરવરને ધન્ય છે, જે પરોપકારે જીવં
ભાઇ જે પરોપકારે જીવે.

સ્વાર્થ માટે જીવે સઘળા, વીરલા પરના કાજે,
એકલપેટા સૌથી છેટા, વીરના ડંકા વાજે,
આ નરવરને ધન્ય છે.

દીન અનાથની રક્ષા કાજે, સજી સસ્ત્ર વિદ્યાનું હાથે,
વીર હાક સમરાંગણ વાજે, પાછા પડતાં જનની લાજે.
આ નરવરને ધન્ય છે.

બુદ્ધિ બાણુ ટંકાર કરીને, ગણુગણુ ઘોષ ગજાવે
વિજય ધ્વજા ફરકાવી વિશ્વે ધમધમ ધરા ધ્રુજાવે
આ નરવરને ધન્ય છે.

પ્રવેશ ૩ જો.

પાત્રો—કૃષ્ણુદાસ, ધીરૂશંકર, છોટાસાહેબ, વહાલાભાઈ, ફુલચંદ, સેવાચંદ, લક્ષ્મીસાગર, ધનપાળશા અને વૈદરાજ નાગરભાઈ.

સ્થળ—નગર પુસ્તકાલય હોલ (કૃપારામ હોલ) માંજાહેર સભા.

સઘળા પાત્રો—નમસ્તે દેવી નટપુરેશ્વરી ?

શારદા, સાક્ષરા, શુભદા, સુખકરા,—દેવી સરસ્વતિ–નમસ્તે.
મોખેરી તું માત મણીની, અભેદ રસ ભીંજેલી
મધુર બાલની મસ્ત લહેરે, રસ બસ એ મદ ઘેલી—
મધુરેશ્વરી—નમસ્તે

તુજ ભવ્ય લલાટે દિવ્ય ચંદ્રમા સરસ્વતિનો ચમકે
રસ કાદમ્બરી કટી મેખલે ટપક ટપક ટપકે
હે રસેશ્વરી—નમસ્તે

તુંજ કોમલ કંઠે કુસુમાવલી સુમનગુચ્છ લહેકે
મુખ ગુલાબની મીઠી સૌરભ મધુર મધુર મ્હેંકે
કુસુમેશ્વરી—નમસ્તે

× × × × × × × ×

તુજ વિપુલ બાહુમાં ક્ષાત્રવીરનું રક્ત પ્રતાપી ફરકે
શ્રી ગોકુલ વલ્લભ પ્રફુલચંદને બટુક ભૈરવ ગરજે . .
કર્તવ્ય સુંદરી—નમસ્તે

તુજ કર્તવ્ય પથે મા કર્મવીરોના ઘોર ગીતડાં ઘમકે
અનાથ આશ્રમ અવિચળ કીર્તિ ભારત મંડળ ઝળકે.
ભારતેશ્વરી—નમસ્તે

કૃષ્ણદાસ—ગૃહસ્થો! આજની જાહેર સભા આપણા નગરમાં અનાથાશ્રમ સ્થાપવાનો ઠરાવ પસાર કરવા બોલાવવામાં આવી છે. આજની સભાની કાર્યવાહી વ્યવસ્થીતપણે ચલાવવા, આપણને લાયક પ્રમુખની જરૂર છે, ને તે માટે આપણા શહેરના જાગીરદાર ને આગેવાન નાગરિક છોટાસાહેબનું નામ હું રજુ કરૂછું, અને આશા રાખુછું કે, આપ સર્વ તાળીયોના અવાજથી તે નામ વધાવી લેશો. (તાળીયો)

વીરશંકરભાઈ—મારા વિદ્વાન મિત્ર ભાઈ કૃષ્ણદાસ વકીલ, કે જેઓ આપણા નગરના જાહેર જીવનના આત્મા સ્વરૂપ છે, તેમણે પ્રમુખપદ માટે સરદાર છોટા સાહેબની જે દરખાસ્ત રજુ કરી છે, તેને હું અંતઃકરણ પૂર્વક અનુમોદન આપુછું. (તાળીયો)

છોટાસાહેબ—આપણા નગરમાં અનેક નર રત્નો હોવા છતાં, આજની સભાનું પ્રમુખપદ મને આપવાની આપ સર્વે જે મમતા દર્શાવીછો તે માટે આપ સર્વનો ઉપકાર માની આજની સભામાં રજુ કરવાના ઠરાવો, એક પછી એક મુકવાની હું વિનંતિ કરૂછું.

સેવાચંદ—શ્રીમાન સભાપતિ અને સજ્જન ગૃહસ્થો ! નીચેનો ઠરાવ હું આપની સમક્ષ રજુ કરૂંછુ

"નટપુરના નાગરિકોની આ જાહેર સભા હિંદુ જાતિના અનાથ બાળકો, અશક્ત અપંગો અને નિરાધાર વિધવાઓ માટે આપણા નટપુર નગરમાં એક હિંદુ અનાથાશ્રમ સ્થાપવાનો ઠરાવ કરે છે" (તાળીયો).

આ ઠરાવના સમર્થનમાં કહેવનું તો ઘણું છે પણ વખત નથી એટલે ટુંકામાંજ પતાવીશ. હિંદુસ્થાનમાં પૂર્વે અવિભક્ત કુટુંબ ભાવના ચાલતી હતી, એટલે આ દેશમાં અત્યાર સુધી અનાથાશ્રમ જેવી સંસ્થાઓની જરૂર નહોતી, બાકી જે દેશમાં કીડી મંકોડી જીવજંતુ ને પશુ પક્ષીઓ માટે પાંજરાપોળો ને ચબુતરીઓ ઠામઠામ બંધાતી હોય, તે દેશમા અનાથ દશામાં આવી પડતાં મનુષ્યો માટે, કંઈ પ્રબંધ ના હોય તે બનેજ નહિ. પાશ્ચિમાત્ય કેળવણીથી, આપણી પ્રાચીન અવિભક્ત કુટુંબ ભાવના છીન્નભીન્ન થઈ ગઈ, અને તેના પરિણામેજ અનાથાશ્રમ જેવી સંસ્થાઓ ખોલવાનો સમય આવી લાગ્યો છે. આવાં અનાથાશ્રમો વગર, છેલ્લા છપ્પનના દુષ્કાળમાં. આપણા હજારો દેશ બાંધવો, ધર્માન્તર કરી ખ્રીસ્તિ થઇ ગયા છે માટે હિંદુ જાતિના રક્ષણની ખાતર, હવે આવી સંસ્થાઓ ઠામઠામ સ્થાપવાનો વખત આવી લાગ્યો છે. આથી કરી નટપુરમાં અનાથાશ્રમ સ્થાપવાનો, જે ઠરાવ મેં રજુ કર્યો છે. તેને હર્ષનાદથી વધાવી લેવા હું સભાજનોને વિનંતી કરૂંછું. (તાળીયો)

લક્ષ્મીસાગર—નટપુરમાં અનાથાશ્રમ સ્થાપવાનો ભાઈ સેવાચંદ

જે ઠરાવ રજુ કર્યો છે, તેને હું અંતઃકરણ પૂર્વક અનુમોદન આપુછું. ને જો નટપુરમાં અનાથાશ્રમ સ્થપાય તો મારા તરફથી ત્રણ હજાર રૂપીયાની રકમ આપવાનું જાહેર કરૂછું (હીયર, હીયર, તાળીયો).

અનોપચંદશા—હું પણ ઉપરના ઠરાવને ટેકો આપુછું ને અનાથાશ્રમ માટે જમીન ખરીદવા સારૂ મારી પાસે આંધળા લુલાનું એક ટ્રસ્ટ ફંડ છે તેમાંથી રૂ. ૫૦૦) આપવાનું જાહેર કરૂછું (હીયર, હીયર, તાળીયો.)

વૈદ્ય નાગરભાઈ—હું તો બ્હેરોછું, એટલે સભામાં થયેલાં ભાષણો સાંભળી શકયો નથી પરંતુ નટપુરમાં અનાથાશ્રમ સ્થાપવાનો ઠરાવ પસાર થયો છે, ને તેને ટેકો આપવાનું કામ ચાલે છે એટલું સમજી શકયોછું, તેથી કરી આશ્રમ સ્થાપવાના ઠરાવને ટેકો આપવા, કોઈના કહ્યા વગર સ્વયં પ્રેરણાથી ઉભો થયોછું, ને આ સભા સમક્ષ જાહેર કરૂછું કે, જો નટપુરમાં અનાથાશ્રમ સ્થપાય તો, મારૂં રહેવાનું ઘરબાર હું આશ્રમને અર્પણ કરૂછું (હીયર, હીયર, તાળીયો.)

ઠાકોરસાહેબ—આપણા નગરમાં અનાથાશ્રમ સ્થાપવાનો ઠરાવ રીતસર રજુ થયો છે, ને ટેકો પણ મળી ગયો છે. ઠરાવની તરફેણમાં હોય તેમણે હાથ ઉંચા કરવા (બધા હાથ ઉંચા કરે છે). વિરૂદ્ધમાં હોય તેમણે પણ હાથ ઉંચા કરવા. કોઈ વિરૂદ્ધમાં નથી, માટે ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરૂછું.

ભાઈઓ ! બે કલાક સુધી શાન્તિથી બેસી આજની સભાનું કાર્ય ચલાવ્યું, તે બદલ આપ સઘળાનો હું ઉપકાર માનુછું. આપણા બેડા જીલ્લામાં એક અના-

થાશ્રમની ઘણી જરૂર હતી, ને તે આજે પૂરી પડે છે તે જાણી, નટપુરમાં તો શું, પણ આખા ગુજરાતમાં, આનંદ છવાઇ રહેશે.

આ કામ શરૂ કરતા પૂર્વે, મને પણ ખાત્રી નહોતી કે, આજનું કામ આવું સુંદર થશે. કોણુ જાણતું હતું કે, શેઠ લક્ષ્મીસાગર ત્રણ હજારની રકમ આશ્રમ માટે આપશે? માની લ્યો કે, તે રકમ પહેલેથી નક્કી કરી, આજની સભા બોલાવી હતી, પરંતુ ધનપાળશા આશ્રમની જમીન ખરીદવા સારૂ રૂ. ૫૦૦) પ્રદાન કરશે, ને વૈદ્યરાજના ગરભાઇ પોતાનું ઘરબાર આશ્રમને અર્પણ કરી દેશે, તે તો ખૂદ આ સભાના કાર્યવાહકો પણ જાણતા ન હતા. આ સભામાં આવ્યા પછીજ તે ભાઇઓને આ દાન આપવાની સ્વયં પ્રેરણા સ્ફુરેલી. કોણુ જાણતું હતું કે, આજનીજ સભામાં અનાથાશ્રમ માટે આટલી બધી સુંદર સહાયતા મળી જશે. આ કામ ઈશ્વરનુંજ છે, ને ઇશ્વરેજ તેમને અનાથાશ્રમ માટે, દાન કરવાની પ્રેરણા કરેલી છે.

સદ્‌ગૃહસ્થો સમય ઘણો થઇ ગયેલો છે એટલે વધુ વખત નહિ લેતાં આજની સભાનું પ્રમુખપદ મને આપવા માટે આપનો એકવાર ફરીથી ઉપકાર માની બેસી જવાની રજા લઉં છું. (તાળીયો)

વ્હાલાભાઇ—શ્રીમાન સરદાર છોટાસાહેબે આજની સભાનું પ્રમુખપદ સ્વિકારી આપણને આભારી કર્યા છે તે બદલ તેઓશ્રીનો ઉપકાર માનવાની દરખાસ્ત હું રજુ કરૂં છું (તાળીયો).

ધીરૂશંકર—ઉપરની દરખાસ્તને હું ટેકો આપુછું. (તાળીયો)

છોટા સાહેબ—સજ્જન ગૃહસ્થો, આજની સભાની કાર્યવાહી સંપૂર્ણ થઈ છે એટલે હવે હું સભા વિસર્જન થયેલ જાહેર કરૂછું.

સઘળા— વંદેમાતરમ્ (સભા ઉઠી જાય છે)

સઘળા પાત્રો—ગાયનઃ—

કોણ જાણતું હતું, અનાથાશ્રમ અહીંયાં થાશેઃ
અનાથાશ્રમ અહીંયાં થાશે.

ઉજ્જડ ખેતરો માંહી, મકાનો સુંદર બંધાશે;
મકાનો સુંદર બંધાશે.
પ્રભુતા અહીંયાં રેલાશે, નાક નટપુરનું કહેવાશે.---કોણ૦

માટી ચુનો પત્થર થકી, જો કે ઇમારત છે બની.
પણ કર્મવીર શ્રમ જલ થકી, તેની દીવાલો છે ચણી.
પાયો પૂર્યો પુરૂષાર્થથી, શ્રદ્ધા પ્રભુમાં દૃઢ કરી,
તો જીવતી ને જાગતી, જુઓ ઇમારત આ રહી - કોણ૦

ઈલમ નથી જાદુ નથી, પુરૂષાર્થ ને પ્રભુ સ્હાયથી.
કર્તવ્ય પંથે ઘુમતાં, ઉત્સાહ ને વળી ખંતથી.
નિઃસ્વાર્થ સેવા જે કરે, અંતે પ્રભુ તેને ફળે,
દ્રષ્ટિ સમીપ એ આપણી, આ—શ્રમ તણું દ્રષ્ટાંત છે—કોણ૦

ના. ક. આ નીચેની કવિતા પહેલા પ્રવેશમાં છેડે આવે છે, તે રહી જવાથી આ સ્થળે પ્રગટ કરી છે.

(કવિતા)

જીગર ફૂટકે મગજ છટકે, દશા આ હિંદુની જોતાં.
ડસીડસી ઉર આ રડતું, નિહાળી બન્ધુને રડતા;
હૃદયના તાર કંપે છે, ઝણેણાટો કરી તનમાં,
ધબક દઈ નાડી ધબકે છે, વહે છે ખુન રગે રગમાં.

(સમાપ્ત)

નડીઆદ હિંદુ અનાથાશ્રમને મદદ કરવાની યોજના

૧ અન્નદાન સાથે અમર નામ—જે દાતા રૂ. ૨૦૦) દા આપશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દાતાના ઠરાવેલા એક દીવસે દર વર્ષે ૫૦ અનાથોને તે દાતાના નામથી એક ટંક અન્નદાન આપવામાં આવશે અને તેમના નામની આરસની તખતી ઓફીસમાં ચોડી નામ અમર કરવામાં આવે છે. રૂ. ૪૦૦ અને ૬૦૦) માં મિષ્ટ ભોજન અપાશે.

૨ કોરી પાવતી છુટ—જે કોઈ ગૃહસ્થ આશ્રમને સારૂ ક એકઠું કરી આપવાની બાંહી આપશે અને તેમને આશ્રમના મ અગર નડીઆદના બીજા કોઈ ગૃહસ્થ ઓળખતા હશે તો કો પાવતી છુટ આપવામાં આવશે.

૩ પાલક—દર માસે રૂ. ૭) માસીક દાન આપનાર દાતા બાર વર્ષથી મોટી ઉમરના અનાથના પાલક થઈ શકશે અને રૂ. ૩-૮-૦ માસીક આપનાર દાતા બારથી નાની ઉમરના પાલક માતા પિતા થઈ શકશે.

૪ ગૌદાન—રૂ. ૨૫) આપનારનું એક કાયમી ગૌદાન ગણી તેના વ્યાજમાંથી અનાથોને દુધ આપવામાં આવે છે તથા તેમનું નામનું સ્મારક રખાય છે.

૫ ઓરડીઓ—રૂ. ૪૦૦) દાન કરનારના નામની તખતી ચોડી એક ઓરડી બાંધવામાં આવે છે.

૬ સભાસદો—જે ગૃહસ્થ આશ્રમને એકી વખતે વગર શરતે રૂ. ૧૦૦૦) કે તેથી વધુ દાન કરશે તો તે આશ્રમ કમીટીના આજીવન સભાસદ ગણાશે. જે એકી વખતે વગર શરતે રૂ. ૧૦૦) આપશે તે જીંદગી પર્યંત સભાસદ થઈ શકશે, અને જે દરેક વર્ષે ૫) મેમ્બરફીના આપશે તે સાધારણ વાર્ષિક સભાસદ ગણાશે.